# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-02-2026** **Midday : 2.30 TO 2.35 PM**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# MARRIAGE NOTIFICATION

રાજ્ય સરકારે આજથી લગ્ન નોંધણીના નિયમમાં ફેરફાર કરતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. લોકો હવે લગ્ન નોંધણી સામે આગામી 30 દિવસ સુધી આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગની વેબસાઈટ પર પોતાના વાંધા-સૂચન રજૂ કરી શકશે. જરૂરી વાંધા-સૂચન પર કાયદાકીય અભિપ્રાય લઈને તેને નિયમના ફેરફારમાં સામેલ પણ કરાશે.

ઉલ્લેખનીય છે કે , નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે ગુજરાત વિધાનસભામાં નિયમ 44 હેઠળ એક નિવેદનમાં જણાવ્યું હતું કે , રાજ્યમાં દીકરીઓની સુરક્ષા અને સામાજિક માળખાને જાળવી રાખવા સરકાર "ગુજરાત મૅરેજ રજિસ્ટ્રેશન ઍક્ટ 2006"ના નિયમમાં રહેલી લગ્ન નોંધણી પ્રક્રિયામાં ધરખમ સુધારા કરવા જઈ રહી છે. તે અંતર્ગત હવે લગ્ન નોંધણી પ્રક્રિયામાં માતાપિતાને સામેલ કરાયા છે.

. . . . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત " કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 131-મી કડી હશે. આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી સમાચાર વેબસાઈટ અને ન્યૂઝ ઑન A.I.R. મૉબાઇલ એપ્લિકેશન પર આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

તેમજ A.I.R. ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પ્રધાનમંત્રી કાર્યાલય – PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ પર પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. આકાશવાણી પર હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ "મન કી બાત" કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . .

# NITIN NABIN GUJ

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન આજે ગાંધીનગરમાં ભાજપના પ્રદેશ હોદ્દેદારો સાથે બેઠક યોજશે. ભાજપ કાર્યાલય કમલમ્ ખાતે યોજાનારી બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ , નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી , ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા , ભાજપના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી. એલ. સંતોષ , કારોબારી ટીમ , જિલ્લા મહાનગરના પ્રમુખ અને મહામંત્રીઓ પણ ઉપસ્થિત રહેશે.

શ્રી નવીન ભાજપના પ્રદેશ પદાધિકારીઓ , સંગઠનના હોદ્દેદારો , વરિષ્ઠ આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે સંવાદ કરશે. ઉપરાંત તેઓ ભાજપના સોશિયલ મીડિયા ટીમને પણ મળશે.

આ પહેલા શ્રી નવીને સવારે અમદાવાદનાં નગરદેવી શ્રી ભદ્રકાળી માતા મંદિરમાં દર્શન કર્યા. તેમજ બોપલ વિસ્તારમાં ધારાસભ્ય બાબુ પટેલના આવાસ પર સામાજિક કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરી.

. . . . . . . . . . . . .

# CHHOTA UDEPUR 4 LANE

કેન્દ્ર સરકારે રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ – 56ના બે મહત્વના વિભાગને ચાર માર્ગીય બનાવવાની મંજૂરી આપી છે. તે મુજબ , છોટાઉદેપુરમાં બોડેલી-માલોથા વચ્ચે ચાર માર્ગીય રસ્તો બનાવાશે. તેનાથી મુસાફરીના સમયમાં 40 ટકાનો ઘટાડો થશે. આ માર્ગથી આસપાસના આદિવાસી વિસ્તારમાં પરિવહન વધુ સરળ બનશે અને સ્થાનિક ગામડાઓને સીધો લાભ થશે. સાથે જ દાહોદ , તાપી અને ભરૂચ જિલ્લાનું જોડાણ મજબૂત બનશે. આ અંગે સાંસદ જસુભાઈ રાઠવાએ પ્રતિક્રિયા આપી.

(BYTE: JASHU RATHWA, MP, CHHOTA UDEPUR)

. . . . . . . . . . . . .

# MEHSANA PANCHMAHAL ACCIDENT

મહેસાણા અને પંચમહાલમાં બે અલગ અલગ અકસ્માતમાં છ લોકોના મોત થયાના અહેવાલ છે. મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે , રાજસ્થાનથી પરત આવતા એક પરિવારની કાર ઉનાવા ગામ નજીક એક ડિવાઇડર સાથે અથડાતા ચાર લોકોના ઘટનાસ્થળે અને એક સભ્યનું સારવાર દરમિયાન મોત થયું. આ અંગે સ્થાનિક પોલીસ અધિકારીએ વધુ માહિતી આપી.

(BYTE: MEHSANA POLICE INSPECTOR)

પંચમહાલના અમારા પ્રતિનિધિ વિપુલ પૂરોહિત જણાવે છે, ગોધરા તાલુકાના મેહલોલ નજીકથી પસાર થતા બાઈકચાલકને અકસ્માત નડતા તેમનું ઘટનાસ્થળે મોત નીપજ્યું. જ્યારે બાઈક પર સવાર બાળકને ગંભીર ઇજા થતાં તેને હૉસ્પિટલ દાખલ કરાયો છે. અકસ્માતની આ બંને ઘટના અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

. . . . . . . . . . . . .

# EASE OF LIVING RAJKOT

રાજકોટમાં આગામી સમયમાં રમતગમત સંકુલ , સભા ખંડ , આવાસ, ફિલ્ટર પ્લાન્ટ અને લાયન સફારી પાર્કની ભેટ મળશે. સત્તાવાર યાદી મુજબ , રાજકોટમાં ઇઝ ઑફ લિવિંગ એટલે કે , રહેવાની સરળતાના સંકલ્પને પ્રોત્સાહન આપવાના હેતુસર શહેરી વિકાસ વર્ષ 2025 હેઠળ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નંબર 17માં આંતરરાષ્ટ્રીય કક્ષાનું અત્યાધુનિક રમતગમત સંકુલ તૈયાર થઈ રહ્યું છે. જ્યારે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અંદાજે 119 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે રેલનગર વિસ્તારમાં EWS-2 પ્રકારના એક હજાર 10 આવાસનું કામ પૂર્ણતાના આરે છે. સાથે જ આગામી સમયમાં આધુનિક સભાખંડના નિર્માણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ફાળવાયેલા અનુદાન અંતર્ગત કામ કરાશે.

તો, લાયન સફારી પાર્ક પરિયોજના અંતર્ગત અત્યાર સુધીમાં કમ્પાઉન્ડ દિવાલ, પ્રાણીઓ તથા મુલાકાતીઓની સલામતીને ધ્યાનમાં રાખી ફેન્સિંગ દિવાલનું કામ , પ્રાણીઓ માટે રાત્રિ આશ્રયસ્થાન , પાર્કના આંતરિક વિસ્તારમાં સરળ અવરજવર માટે આંતરિક માર્ગ બનાવવાનું કામ તેમજ પાર્ક વિસ્તારની બહાર નિરીક્ષણ માર્ગનું બાંધકામ પૂર્ણ કરાયું છે.

. . . . . . . . . . . . .